# Anal Fissure અને હરસમસા (Piles/Hemorrhoids)ની હોમીયોપેથીક સારવાર

Anal Fissure : Fissure in ano એક અતિપીડાદાયક રોગ છે. આ રોગમાં ગુદાના ભાગમાં, મળ જ્યાંથી બહાર નીકળે છે એ ગુદાદ્વાર (Anus)માં ચીરા (fissure) પડે છે અને જ્યારે જ્યારે મળત્યાગ થાય છે ત્યારે આ ભાગમાં સખત પીડા થાય છે. ઘણીવાર anal fissure એક અઠવાડિયામાં જાતે મટી જાય છે પણ જો એનાથી વધારે સમય રહે તો સારવાર કરાવવી જરૂરી છે.


**લક્ષણ :** મળ ત્યાગ કરતી વખતે તીવ્ર દુખાવો થવો - જાણે કોઈ ચપ્પુથી કાપતું હોય (cutting stitching pain) કોઈએ ગરમ સળીયાનો ડામ દીધો હોય એની બળતરા (burning) થવી. આ દુખાવો ઝાડે ગયા પછી કલાકો સુધી રહે અને દર્દીને બેસવા, ચાલવામાં તકલીફ થાય. દર્દીને સંડાસ કરવા જતા બીક લાગે કારણ કે એને ખબર હોય છે કે એને સખત દુઃખાવો થશે એટલે એ સંડાસ કરવા જવાનું ટાળે છે. પણ એવું કરવાથી મળનો ભરાવો થાય અને મળ સુકાઈને કડક થઈ જાય છે અને હવે મળત્યાગ કરવાનું વધારે કપરૂં અને પીડાદાયક થાય છે. fissureમાંથી લોહી પડે, ખંજવાળ આવે, anal fissure ઘણીવાર હરસમસા (Piles/ Hemorrhoids) સાથે જોવા મળે છે. કોઈકવાર anal fissure માં દુખાવો નથી જોવા મળતો પણ લોહી વધારે પડતું જોવા મળે છે.

કારણ : એવું કોઈ કારણ જેનાથી ગુદા દ્વાર (anus)ને ઈજા થાય. દા.ત. ઝાડાનો આકાર બહુ મોટો હોય અથવા ઝાડો બહુ કડક અને સખત હોય તો anusને over stretch કરે અને injury કરે જેથી fissure થઈ જાય; વારંવાર ઝાડા થવાથી; પ્રસુતિ દરમિયાન; ગુદાની શારીરિક તપાસ દરમિયાન, IBS, વગેરે કારણો સામાન્ય રીતે જોવા મળે છે.

**નિદાન :** દર્દીની હિસ્ટ્રીથી anul fissureનું નિદાન સરળતાથી કરી શકાય. ગુદાવાળા ભાગની સાવચેતીથી તપાસ કરવાથી પણ નિદાન થઈ શકે.

**સારવાર :** એલોપથીમાં મળને નરમ કરવાની દવા, anus પર દુખાવો ઓછો થાય એવા ક્રીમ આપવામાં આવે છે. અને છતાં અસર નહીં થાય તો surgery (sphincterotomy) કરાય છે. સારવાર કર્યા પછી પણ fissure પાછા થઈ શકે છે.

**હરસ મસા (Piles/ Hemorrhoids) :-** હરસ મસા રોગ વિશે ઘણા લોકો જાણે છે. Hemorrhoids (હેમોરોઈડસ) દરેક તંદુરસ્ત વ્યક્તિમાં anal canalમાં હોય



છે અને મળને પસાર થવામાં એને રોકવામાં anusને મદદ કરે છે. જ્યારે આ hemorrhoidsમાં સોજો અને દુખાવો થાય છે ત્યારે એને Piles અથવા hemorrhoidsનો રોગ થયો એમ કહેવાય છે. Hemorrhoids બે જગ્યાએ હોય છે anal canalની અંદરથી internal અને anal canalના બહારના ભાગ તરફ - external.

લક્ષણો : anus પર સોજો, anus પર અડકવાથી એવો અનુભવ થવો કે anusમાંથી કાંઈ બહાર નીકળ્યું હોય, દુખાવો થવો. Internal Piles અંદરથી હોવાને કારણે એટલી તકલીફ નથી આપતા પણ સંડાસ કરવામાં જોર લગાવવાથી અથવા સુકો, કડક મળ એની સાથે ઘસાવાથી લોહી પડી શકે છે. સંડાસ કરતી વખતે જોર લગાવવાથી internal Piles anusની બહાર સુધી આવી શકે છે. External Piles anus પાસે હોવાથી વધુ અગવડ ઉભી કરે. દા.ત. દુખાવો, ખંજવાળ, લોહી પડવું, દુખાવો ઘણો તીવ્ર થઈ શકે છે અને anusની આજુબાજુમાં સોજો આવે, બળતરા થાય તથા બેસવા, ચાલવામાં તકલફ આપે. Pilesમાં લોહી પડવાને કારણે શરીરનું લોહી ઓછું થઈ જાય છે (anaemia) જેને લીધે અશક્તિ અને થાક લાગે. કોઈકવાર pilesમાં લોહી જામી (clot) જવાને કારણે બહુ સખત દુખાવો થાય અને gangrene જેવી પરિસ્થિતિ નિર્માણ થઈ શકે છે.

કારણ : હજી એવું ચોક્કસપણે જાણવા નથી મળ્યું કે Piles કયા કારણથી થાય છે, પણ એવું કોઈપણ કારણ જેનાથી anus પર ભાર તથા દબાણ અને જોર પડે એનાથી Piles થવાનું જોખમ વધે છે. દા.ત. મળત્યાગ કરતી વખતે જોર લગાવવું, મળત્યાગ માટે લાંબા સમય સુધી બેસી રહેવું, ઘણા સમયથી ઝાડા અથવા કબજીયાત રહેવી, ગર્ભધારણ દરમિયાન (pregnancy); મોટાપો (obesity); ખોરાકમાં fiber ઓછું ખાવું, વગેરે. Pilesની તકલીફ વારસાગત પણ જોવા મળે છે.

નિદાન : શારીરિક તપાસ કરવાથી Pilesનું નિદાન કરી શકાય.

સારવાર : એલોપથીમાં Pilesની surgery કરવામાં આવે છે, જેમાં rubber band ligation, Sclero therapy, cauterization જેવા સામાન્ય proceduresથી લઈ hemo rohoidectomy જેવા operation કરવામાં આવે છે. આ સારવારથી કાયમ માટે Piles મટી નથી જતા પણ સમય જતા પાછા થાય છે.

હોમીયોપેથીક દવા લેવાથી fissure અને pilesની તકલીફ જડમૂળથી ચાલી જાય છે. એનું કારણ એ છે કે હોમીયોપેથીક સારવાર ફક્ત બહાર દેખાતા લક્ષણોને જ ધ્યાનમાં નથી લેતી. પણ શરીરની એ સર્વ ક્રિયાઓ (functions)ને પણ ધ્યાનમાં લે છે. જેને કારણે આ રોગ થયો હોઈ શકે. એટલે જ હોમીયોપેથીક સારવારનો મહત્ત્વનો ભાગ છે - હોમીયોપેથીક કેસ ટેકીંગ (case taking / history taking) જેમાં દર્દીની હાલની તકલીફની ઝીણવટભરી તપાસ કરવામાં આવે છે, ભૂતકાળની તથા વારસાગત માંદગીઓ વિશે પણ જાણકારી લેવાય છે, માનસિક (mental, emotional, psychological) કારણો (દા.ત. stress, tension, ચિંતા, બીક વગેરે)ની સમજણ લેવાય છે અને દર્દીની જીવનશૈલી (lifestyle)ની પણ વિગત લેવાય છે. આ બધી માહિતી લીધા પછી દર્દીને હોમીયોપેથીક દવા આપવામાં આવે છે. રોગને જડમૂળથી મટાડવા સમય આપવો પડે છે, પણ દર્દીને fissure અને Pilesમાં દુખાવો, સોજો વગેરે તકલીફ આપનારા લક્ષણો ઘણા ઝડપથી સારા થઈ જાય છે.

જાતે કરવા જેવું : પ્રવાહી અને પાણી વધારે પીવું, fiber વાળો ખોરાક વધુ લેવો - શાકભાજી, ફળ, સલાડ, સંડાસ કરતી વખતે - જોર નહીં લગાવવું, વધારે સમય બેઠા નહીં રહેવું કમોડ ઉપર, પેપર વાંચવામાં / મોબાઈલ રમવામાં સમય નહીં બગાડવો; શારીરિક કસરત કરવી; વજન ઉતારવું; કબજીયાત ન રહે તેની કાળજી રાખવી.

હોમીયોપેથીક દવાઓ rectum, anusના રોગોની સારવાર માટે ઘણી ઉપયોગી છે. દા.ત. fistula (ભગંદર), anal warts, કૃમી (worms), cancer વગેરે. આ સિવાય આપને કોઈ તકલીફ હોય તો અમારો સંપર્ક કરવા વિનંતી.




Homoeopathic Practitioners
**Akshay Banker**
M.D.[Homeopathy]
**Faculty -** Ontario College of Homeopathic Medicine
Ex Principal, Professor [India]
**Nina Banker** MD (Homeopathy)
Ex Professor [Surat, India]
**Mobile #:** 647 868 4340
**Mobile #:** 647 773 3074
Email : homeopathakshay@gmail.com
**Mississauga Clinic:** 93, Dundas St. E. Suite # 107, Mississauga, ON. L5A 1W7.
[Hurontario + Dundas]
[Monday, Thursday, Friday - 10 to 5]
**Brampton Clinic:** 134 Queen St. E., Brampton, ON. L6V 1B2.
[Queen and Centre Street]
[Tuesday, Saturday 10 to 5]
**Scarborough Clinic:** 2761, Markham road, Aum Beauty Clinic, ON. M1X 1M4
[Markham road + Nashdene]
[Wednesday 4 pm to 7 pm]


## ફિલ્મોની સફળતા સાથે રિચા ચઢ્ઢા પુનઃ થિયેટર-નાટકોમાં કામ કરશે



રિચા ચઢ્ઢાએ 'ફુક્રે', 'ફુક્રે રીટર્ન્સ', 'મસાન', 'ગેંગ્સ ઓફ વાસેપુર- ભાગ-૧-૨' અને તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'દાસદેવ'માં તેના અભિનયથી દર્શકોનું મનોરંજન કર્યુ છે. તેની એક પછી એક ફિલ્મો આવતી રહે છે આથી તે બહુ વ્યસ્ત રહે છે. આમછતાંય તે તેના પ્રથમપ્રેમથિયેટરમાં પાછી ફરી છે. આ પ્રતિભાશાળી અભિનેત્રીએ બે વર્ષ પહેલા 'રેબિટ રેડ રેબિટ' નાટકમાં કામકર્યુ હતું અને હવે તે ફરી 'ધ લાઇફ ઇન ટેલિંગ' નામના નાટકમાં સ્પેશિયલ અપરિયન્સ કરી રહી છે. જોકે, રિચા આ નાટકના ફક્ત બે વિશેષ શોમાં જ વિનય પાઠક અને અશ્વિન મુશરન સાથે કામ કરશે. આ મહિનાના અંતે આ શો મુંબઇ અને દિલ્હીમાં થશે. રિચાએ તાજેતરમાં અનુભવ સિંહાની રાજકીય રમૂજી ફિલ્મ 'અભી તો પાર્ટી શુરૂ હુઇ હૈ'નું શૂટિંગ પૂરૂં કર્યુ. હવે બહુ જલદી તે શકીલાની બાયોપિક અને 'સેક્શન ૩૭૫' અક્ષય ખન્ના સાથે શરૂ કરશે. રિચા કહે છે, થિયેટર એ કલાકારોનું માધ્યમ છે અને મને જ્યારે તક મળે છે ત્યારે સ્ટેજ પર પર્ફોર્મ કરવું બહુ ગમે છે. રિચા બોલીવૂડમાં હવે બરાબર જામવા લાગી છે તેને ફિલ્મો મળી રહી છે છતાંય સ્ટેજ પ્રત્યેનો પ્રેમ અડગ છે તે તેનો અભિનય પ્રત્યેનો પ્રેમદેખાડે છે.